GJBK020244282026

**ક્રિ.પર.અરજ નં. ૯૨૩/૨૦૨૬ ના કામે આંક.૧ લગત હુકમ.**

1. ધી નેગો. ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮, ક્રિ.કેસ નં.૧૬૧૯૧/૨૫ મુજબના ગુનાના કામે આરોપી વાળંદ ચેતનભાઇ મફતલાલનાઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૪૮૦ અન્વયે જામીન મુકત થવા હાલની અરજી તેઓના વિ.વ.શ્રી વિ.અરજદાર દ્વારા રજુ કરેલ છે.
2. જામીન અરજી, તથા કેસ સંલગ્ન કાગળો ધ્યાને લીધા.
3. અરજદાર/આરોપી તરફે તેઓના વિ.વ.શ્રીને સાંભળ્યા. અરજદાર/આરોપી તરફે ઉપરોકત ગુનાના કામે રેગ્યુલર જામીન મેળવવા માટે દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપી મજૂરી અર્થે બહારગામ ગયેલા હોવાથી તેઓ મુદતે નામ. કોર્ટમાં હાજર રહેલ નથી, અને હવે પછીની દર મુદતે નામ.કોર્ટમાં હાજર રહેવાની ખાત્રી આપે છે. તેઓ બનાસકાંઠા જીલ્લાના સ્થાનીક વતની છે અને સ્થાવર તેમજ જંગમ મીલ્કત ધરાવતા હોઇ નાસી ભાગી જાય તેવા નથી, નામ. કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા તથા તેટલી રકમના સધ્ધર જામીન આપવા તૈયાર હોઇ જામીન મુકત કરવા અરજ કરેલ છે.
4. સદર કામે આરોપીને નોન બેલેબલ વોરંટમાં પકડીને હાજર કરતા જયુડીશ્યલ કસ્ટડીમાં રાખવામાં આવેલ છે. હાલના આરોપી વિરુધ્ધનો આક્ષેપિત ગુનો જોવામાં આવે તો નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયેનો જામીનપાત્ર ગુનો છે. આરોપી કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા અને તેટલી રકમના જામીન આપવા તૈયાર હોવાનું જણાવેલ છે. તેમજ તેઓ મજૂરી અર્થે બહારગામ ગયેલા હોઇ મુદ્દતની જાણ ન હોવાથી હાજર રહી શકેલા નહીની રજુઆતને ધ્યાને લેતાં, તેઓનો નામ.કોર્ટમાં હાજર ન રહેવા પાછળ કોઇ બદઇરાદો ન હોવાનું જણાવતા હોઇ જેથી હાલના તબક્કે જામીનઅરજી નામંજુર કરવાનું કોઇ યોગ્ય અને વ્યાજબી કારણ જણાતુ નથી. આરોપીને જામીન મુકત કરવા અરજદારની અરજી તથા પેપર્સ ધ્યાને લેતા તેમજ અરજદાર/આરોપી વિરુધ્ધના ગુનાનો પ્રકાર, ગુનાની સજાની જોગવાઇ, ગુનાની સજાની સંભવીતતા, અરજીમાં જણાવેલા કારણો તથા જામીન અરજી વખતે ધ્યાનમાં રાખવાના નામદાર સુપ્રિમકોર્ટ અને નામદાર હાઇકોર્ટના માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતાં આરોપીને વધુ રકમના જામીન તથા શરતોને આધિન જામીન મુકત કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય રહે અને અરજદાર/આરોપીને ટ્રાયલ પુર્ણ થાય ત્યાં સુધી કસ્ટડીમાં રાખવા કોઇ

ન્યાયી અને ઉચિત કારણ જણાતુ  હોઇ જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–૦ <u>હુકમ</u> ૦–**

અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

અરજદાર/આરોપીએ રૂા.૧૫,૦૦૦/–(અંકે રુ.પંદર હજાર પુરા) તથા સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા તથા રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂ. દસ હજાર પુરા)ના રોકડ જામીન રજુ કર્યેથી, ક્રિમી.કેસ નં.૧૬૧૯૧/૨૫, ધી  નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામાંથી નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :–**

(૧) આરોપીએ  કેસની ટ્રાયલ દરમ્યાન બિનચૂક નિયમિત હાજર રહેવું.

(૨) આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તેની ઝેરોક્ષ નકલ તા.૧૪/૦૮/૨૬ સુધીમાં રજુ કરવી અને જો પાસપોર્ટ ધરાવતા ના હોય તો તે અદાલતમાં જાહેર કરવુ.

(૩) આરોપીઓએ પોતાનું રહેણાંકનું કાયમી તથા હંગામી સરનામું તથા મોબાઇલ નંબર કોર્ટ સમક્ષ જાહેર કરવા તથા તેમાં ફેરફાર કરવામાં આવે તો અદાલતમાં અચુકથી લેખિતમાં જાણ કરવી.

(૪) ઉપરોકત પૈકી કોઇ પણ શરતનો ભંગ થયેલી આરોપીના જામીન આપોઆપ રદ્દ થયેલા ગણાશે.

(૫) આ હુકમની એક નકલ સંબંધિત પોલીસ સ્ટેશન તરફ જાણ સારુ રવાના કરવી.

હુકમ આજ તા.૦૮મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**મુ. પાલનપુર.**
**તા.૦૮–૦૮–૨૦૨૬**

**(મીસ પલક બીપીનચંદ્ર પટેલ)**
**ત્રીજા એડી.ચીફ જયુડી. મેજી.,**
**પાલનપુર – જી.બનાસકાંઠા**
**જીજે૦૧૧૧૧**